તા.૧/૪/૦૫ કે ત્યારબાદ કેન્દ્ર સરકારની સેવા અથવા કેન્દ્ર સરકાર હસ્તકની સ્વાયત્ત સંસ્થાઓની સેવાઓ રાજ્ય સરકારની સેવાઓ સાથે જોડાતા નવી પરિભાષિત પેન્શન યોજનાની કપાત બાબત.

ગુજરાત સરકાર
**નાણા વિભાગ**
ઠરાવ ક્રમાંક: નપન-૨૦૦૩-જીઓઆઇ-૧૦-પી(પા.ફા.-૪)
સચિવાલય, ગાંધીનગર
**તા. ૩૦/૯/૨૦૧૫**

**વંચાણે લીધા :**
૧. નાણા વિભાગના તા.૧૮/૩/૨૦૦૫, તા.૬/૯/૨૦૦૫ તથા તા. ૧૦/૪/૧૩ ના ઠરાવ ક્ર:નપન- ૨૦૦૩-જીઓઆઇ-૧૦-પી
૨. નાણા વિભાગના તા.૨૦/૧૦/૧૪ ના ઠરાવ ક્ર: નપન- ૨૦૦૩-જીઓઆઇ-૧૦-પી (પા.ફા.-૪)

ઉકત વંચાણે લીધેલ તા.૧૦/૪/૧૩ ના ઠરાવથી કેન્દ્ર સરકારની સેવા અથવા કેન્દ્ર સરકારની હસ્તકની સ્વાયત્ત સંસ્થાઓમા ફરજ બજાવનાર કર્મચારીને ઠરાવની અન્ય જોગવાઇઓને આધીન જુની પેન્શન યોજનામા ગણવાનું નિયત થયેલ છે. ત્યારબાદ ઉકત વંચાણે લીધેલ તા.૨૦/૧૦/૧૪ ના ઠરાવથી કેન્દ્ર સરકારની સેવામાથી રાજ્ય સરકારની સેવામા જોડાતા જે કર્મચારીઓની સેવા સળંગ ગણવામા આવેલ હોય તથા જે કર્મચારીને નવી પરિભાષિત પેન્શન યોજના(NPS) હેઠળની કપાત શરૂ થઇ ગયેલ છે તેઓની નવી પરિભાષિત પેન્શન યોજના હેઠળની કપાતને જી.પી.એફ એકાઉન્ટમા પરત લેવાનું નક્કી થયેલ હતું. ઉકત વંચાણે લીધેલ ક્રમાંક: (૨) ના ઠરાવના ફકરા.નં.૨ મુજબ;

"જે કર્મચારી/અધિકારીઓના G.P.F. એકાઉન્ટસ બંધ થયેલ છે તથા તે રકમ ઉપાડી લીધેલ છે તેવા કર્મચારી/અધિકારીઓએ ઉપાડેલ G.P.F. ની રકમ વ્યાજ સહિત તેઓના જુના G.P.F.. એકાઉન્ટસ પુન: ચાલુ કરાવી તેમા જમા કરવાની રહેશે. આ રીતે રકમ પરત લીધાની નોંધ કર્યા બાદ જ સેવા સળંગ ગણવાના હુકમો કરવાના રહેશે તથા ઉકત બાબતની નોંધ સેવાપોથીમા અવશ્ય કરવાની રહેશે."

પરંતુ કેન્દ્ર સરકારમાં જી.પી.એફ ખાતામાં serial/number/series અલગ હોવાથી તે નંબર પુન: મેળવી શકાય તેમ ન હોઇ નવો જી.પી.એફ નંબર ફાળવી આપવા બાબતે મળતી રજૂઆતો સંદર્ભે વંચાણે લીધેલ ક્રમાંક:(૨) ના ઠરાવના ફકરા.નં.૨ મા કાળજીપૂર્વક વિચારણાને અંતે નીચે મુજબ સુધારો બહાર પાડવામા આવે છે.

**સુધારા ઠરાવઃ-**

(૨) જે કર્મચારી/અધિકારીઓના જી.પી.એફ. એકાઉન્ટસ બંધ થયેલ છે તેઓને જો જૂના જી.પી.એફ એકાઉન્ટસ પુનઃખોલાવવા શક્ય ન હોય ત્યારે નિયત પધ્ધતિ અનુસાર નવા જી.પી.એફ એકાઉન્ટસ ખોલાવવાના રહેશે તથા કર્મચારીના નવી વધિત પેન્શન યોજના (NPS) હેઠળના ખાતામા કુલ જમા રકમ પૈકી જે તારીખે રકમ જી.પી.એફ મા લઈ જવામા આવે તે તારીખે જમા રકમ ધ્યાને લઈ તેના ૫૦% રકમ કર્મચારીના G.P.F. ખાતામા તથા ૫૦% રકમ સરકારમા પરત લઈ તેની નોંધ અવશ્યપણે સેવાપોથીમા કરવાની રહેશે.

અત્રેના તા.૨૦/૧૦/૧૪ ના ઠરાવની અન્ય તમામ શરતો યથાવત રહેશે તેમજ અત્રેના તા.૧૦/૪/૧૩ ના ઠરાવને આધિન કેન્દ્ર સરકારના જે કર્મચારીઓની સેવા રાજ્ય સરકારની સેવા સાથે સળંગ ગણવાની મંજૂરી મળેલ હોય તે કર્મચારીઓને જ તા.૨૦/૧૦/૧૪ ના ઠરાવ તથા સુધારા ઠરાવની શરતો લાગુ પડશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(બી.એસ.મિસ્ત્રી)
સેકશન અધિકારી
નાણા વિભાગ.

**પ્રતિઃ**

નકલ રવાના પ્રતિ:

- મહામહીમ રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી,રાજભવન,ગાંધીનગર.

માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય,સચિવાલય,ગાંધીનગર
સર્વે માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
માન. મુખ્યસચિવશ્રીના નાયબ સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.

- સચિવશ્રી,ગુજરાત તકેદારી આયોગ,ગાંધીનગર
- સચિવશ્રી,ગુજરાત વિધાનસભા સચિવાલય,ગાંધીનગર
- સચિવશ્રી,ગુજરાત હાઈકોર્ટ,સોલા,અમદાવાદ.
- સચિવશ્રી,ગુજરાત જાહેર સેવા આયોગ,અમદાવાદ
- સચિવશ્રી,ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર
- સચિવશ્રી,ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,ગાંધીનગર
- સચિવશ્રી,પંચાયત સેવા પસંદગી મંડળ,ગાંધીનગર

સચિવાલયના તમામ વિભાગો./ તમામ ખાતાના વડાઓ
એકાઉન્ટન્ટ જનરલ કચેરી, રાજકોટ / અમદાવાદ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
સીસ્ટમ મેનેજર,નાણા વિભાગ (વેબસાઈટ પર મુકવા અંગે)
સિલેક્ટ ફાઈલ.

- પત્ર દ્વારા